# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/352 Dt. 07/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'ટ્યુબરક્યુલોસિસ: મિથ્સ, ફેક્ટ્સ એન્ડ પ્રિવેન્શન' વિષે સત્ર

### ગુજરાતના WHO કન્સલ્ટન્ટ ડો. રાહુલ સંઘવીએ ટ્યુબરક્યુલોસિસ સંદર્ભે ગેરમાન્યતાઓ દુર કરી વહેલી તકે નિદાન અને સંપૂર્ણ સારવાર અંગે માર્ગદર્શન આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ટ્યુબરક્યુલોસિસ (ટીબી) અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી ગુરૂવાર, તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૭:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ટ્યુબરક્યુલોસિસ: મિથ્સ, ફેક્ટ્સ એન્ડ પ્રિવેન્શન – બ્રેકિંગ મિસકોન્સેપ્શન, પ્રમોટિંગ અર્લી ડિટેકશન, એન્શ્યોરિંગ કમ્પ્લીટ કયોર' વિષય પર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ટ્યુબરક્યુલોસિસ જેવી ચેપજન્ય બીમારી અંગે સમાજમાં હજુ પણ અનેક ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. આવા વિષયો પર નિષ્ણાતોના માર્ગદર્શનથી લોકોને સાચી માહિતી મળે અને જાગૃતિ વધે તે માટે ચેમ્બર દ્વારા સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

મુખ્ય વક્તા તરીકે ડો. રાહુલ સંઘવી (WHO કન્સલ્ટન્ટ – ગુજરાત) દ્વારા ટ્યુબરક્યુલોસિસ અંગે વ્યાપક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ટીબીના લક્ષણો, તેના ફેલાવાના કારણો, સમયસર નિદાન અને સારવારની જરૂરીયાત અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે યોગ્ય સમય પર તપાસ અને સંપૂર્ણ સારવાર દ્વારા ટીબી સંપૂર્ણપણે મટાડી શકાય છે. સાથે જ તેમણે લોકોને આ રોગ અંગેની ગેરમાન્યતાઓ દૂર કરીને જાગૃત બનવાની અપીલ કરી હતી.

આ ઉપરાંત ભારતના કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના નેશનલ ટીબી એલિમિનેશન પ્રોગ્રામ હેઠળ સેન્ટ્રલ ટીબી ડિવિઝનના જોઇન્ટ કમિશનર અને એડિશનલ ડેપ્યુટી ડિરેકટર જનરલ ડો. સંજયકુમાર મટ્ટુ દ્વારા સરકાર દ્વારા ચલાવવામાં આવતી ટીબી નિવારણ અને નિયંત્રણ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા ટીબીના સંપૂર્ણ ઉન્મૂલન માટે વિવિધ કાર્યક્રમો અને આરોગ્ય સેવાઓ અમલમાં મુકવામાં આવી રહી છે, જેમાં સમયસર તપાસ, મફત સારવાર અને જાગૃતિ અભિયાનનો સમાવેશ થાય છે.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીની ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટયુબરકયુલોસિસ અંગે લોકોમાં સાચી સમજણ વિકસે, વહેલી તકે નિદાન થાય અને સંપૂર્ણ સારવાર દ્વારા રોગને નિયંત્રણમાં લાવવામાં મદદ મળે તે હેતુથી આ સત્રનું આયોજન કરાયું હતું.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. રાજન દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, વકતાઓ તથા સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.